## નાગરીક બેંકના કર્મચારી પર ચૂંટણી પૂર્વે હુમલાનો પ્રયાસ

### રાત્રે સેક્ટર-૧૧નાં વાણિજ્ય સંકુલ પાસે બનેલી ઘટના : કર્મચારીને બચાવવા વચ્ચે પડતાં બે ઉમેદવારો વચ્ચે ઝપાઝપી

ગાંધીનગર, તા. ૮

નાગરીક બેંકની ચૂંટણીનું રસાકસીભર્યુ વાતાવરણ સર્જાયુ છે. ત્યારે હવે ઉમેદવારો વચ્ચે જીભાજોડી-હાથાપાઈ પણ શરૂ થઈ ગઈ છે. ગઈ રાત્રે જ સે. ૧૧ વાણિજ્ય સંકુલ પાસે આવી એક ઘટના સર્જાવા પામી હતી. ચૂંટણીના એક ઉમેદવાર તેમના માણસ સાથે બેંકના એક કર્મચારીની ધોલાઈ કરવા પહોંચી ગયા હતા. અન્ય એક ઉમેદવારે ત્યાં જઈ દરમ્યાનગીરી કરતાં બેંકના કર્મચારી સાઈડ પર રહી ગયા અને બે ઉમેદવારો વચ્ચે ઝપાઝપી થઈ ગઈ હતી. રાત્રે બનેલી આ ઘટનાએ ચૂંટણી પૂર્વે ભારે ચર્ચા જગાવી છે. જો કે આ ઘટના અંગે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી કે સત્તાવાર સમર્થન મળ્યું નથી પરંતુ આધારભુત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સે. ૧૧માં રાત્રે અંદાજે અડધા કલાક સુધી ચાલેલી માથાકુટ બાદ મામલો થાળે પાડ્યો હતો.

# કોબા સર્કલથી ઈન્દીરા બ્રિજ મુખ્યમાર્ગ ઘોર અંધકારમાં ગરકાવ

### અફવારૂપી નાગ ફૂંફાડા મારી રહ્યો છે ત્યારે જ સ્ટ્રીટલાઈટો બંધ, વાહનચાલકોમાં દહેશત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તેમજ આજુબાજુના વિસ્તારોમાં ચોર, લુંટારા અને હુમલાખોર આવ્યાનું અફવા બજાર ગરમ છે ત્યારે જ કોબા સર્કલથી ઈન્દીરા બ્રિજ મુખ્ય માર્ગ ઉપરની સળંગ સ્ટ્રીટલાઈટ બંધ છે. ઘોર અંધકારમાં સમેટાઈ ગયેલાઓ માર્ગ ઉપરથી પસાર થઈ રહેલા વાહનચાલકોને છુપો ડર સતાવી રહ્યો છે. અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહેલુ અફવા બજાર આવા કારણોથી પ્રોત્સાહિત થઈ જતુ હોવાનું પણ વાહનચાલકો જણાવી રણાઈ રહ્યા છે. જેથી સત્વરે સ્ટ્રીટલાઈટ ચાલુ થાય તે સંજોગોઆધિન બન્યુ છે.

ગાંધીનગર અને અમદાવાદ પોલીસ રાત-દિવસ એક કરીને લોકોને અફવાથી દૂર રહેવા સમજાવી રહી છે અને અફવા ફેલાવનારાઓ વિરૂદ્ધ ગુનો નોંધવા સુધીની ચરમસીમાએ પહોંચી છે. ત્યારે આ બે મહાનગરોને જોડતા કોબા સર્કલ અને ઈન્દીરાબ્રિજની વચ્ચેના માર્ગની સ્ટ્રીટલાઈટ સળંગ બંધ રહી છે. રાત્રી દરમ્યાન આ મુખ્ય માર્ગ ઘોર અંધકારમાં લપેટાઈ ગયો છે અને અહીંથી પસાર થઈ રહેલા વાહનચાલકોને અજાણ્યો ડર સતાવી રહ્યો છે. અત્યંત નાજુક તબક્કે ઝીણામાં ઝીણી બાબતને નજર અંદાજ કરી શકાય તેવી સ્થિતિ નથી ત્યારે તંત્ર મુખ્યમાર્ગની અનિવાર્ય એવી સ્ટ્રીટલાઈટ બંધ હોવા છતાં તાત્કાલિક ધોરણે કોઈ જ પગલાં ન લઈને પ્રજાને ભગવાન ભરોસે છોડી દીધી છે. જો કે પોલીસતંત્રના પેટ્રોલીંગમાં આ બાબત કેમ ઉજાગર ન થઈ અને તંત્રને જાણ કરાઈ કે નહી તે પણ વણઉકલ્યા સવાલ બન્યા છે.

કોબા સર્કલથી રીંગ રોડ સર્કલ તરફ જતાં માર્ગો ઉપર રાત્રી દરમ્યાન પણ વાહન વ્યવહાર વણ થંભ્યો રહે છે. વધુમાં આ માર્ગ ઉપર થઈને હોસ્પિટલોએ પણ જવાતુ હોય છે જેથી દર્દીઓ અથવા તેમના સગાઓની પણ અવરજવર રહેતી હોય છે અને અમદાવાદ અને ગાંધીનગર આ માર્ગ થકી સંકળાયેલો હોવાથી અન્ય સુવિધાઓ પણ આ માર્ગ ઉપર ઉપલબ્ધ કરાઈ છે ત્યારે અતિ જરૂરી એવી સ્ટ્રીટલાઈટ બંધ રહે તે અત્યંત જોખમી ગણાઈ રહ્યું છે. માટે સંલગ્ન તંત્ર આ માર્ગની સ્ટ્રીટલાઈટ સત્વરે ચાલુ કરી વાહનચાલકોમાં વિશ્વાસ પેદા કરે તેવી માંગ ઉઠવા પામી છે.

## હવામાનમાં ફેરફારો વરસાદના સંકેત આપે છે

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં વરસાદના યોગો ઘણી વખત ચોમાસુ પ્રવાહોમાં એકાએક ઉત્પન્ન થતા મોસમમાં ગરમી બનતા વાર લાગતી હોય છે. એ પ્રક્રિયા હમણા થયેલ વાવાઝોડાએ ઢીલમાં નાખ્યું હોય તેમ જણાય છે.

દેશના પશ્ચિમકાંઠે અનરાધાર વરસાદ પડવામાં હતો જે મોસમની ગતિમાં એકાએક વિક્ષેપોનું કારણ હોઈ શકે વળી ગરમ અને સુસવાટા મારતા પવનોથી પણ જગતના તાતને વરસાદ હાથતાળી આપી રહ્યો છે. પરંતુ ચોમાસાના પૂર્વે થતા હોય તેવા હવામાનના ફેરફારો વરસાદના સંકેત આપી રહ્યા છે અને હવે પવનનું જોર ઘટવામાં છે. આ વખતે ચોમાસા પૂર્વે થતા હૂંફાળા વાદળો મોડા થયા છે. વાદળાં પછી ખાડીમાંથી નીકળતા દનિયા ડુંગર જેવા જાંબુડીયા રંગના વાદળો થયા પછી જ નિરંતર ચોમાસુ બેસવાનો અણસાર મળે છે. જુલાઈ તા. ૯મીથી બુધ આદ્રા નક્ષત્રમાં આવતા વરસાદના સંજોગો જણાય છે. હવે સુસવાટા મારતા પવનનું જોર ઘટે છે. તા. ૧૧ જુલાઈથી ૧૩મી જુલાઈ વરસાદી સંજોગો ઉભા થતા જણાય છે. તા. ૨૭મી જુલાઈ સુધીમાં વરસાદ આવે. ચોમાસુ વરસાદ ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં આવે. દક્ષિણ ગુજરાતમાં વરસાદની વકી રહે. કેટલાક ભાગોમાં ભારે વરસાદની વકી રહે. ઘણી વખત ચોમાસામાં વરસાદી વાદળોની પ્રક્રિયા હોય છે. પરંતુ સવારમાં ઉભું થતુ વાવાઝોડુ વરસાદની સીસ્ટમને વિખેરી નાખે છે. આથી વરસાદી બની હોવા છતાં ચોમાસુ ઢીલમાં મુકાયેલ છે. ભૌગોલિક બાબતો જોતા પણ વરસાદ પડવાના સંજોગો જણાય છે.

# ધોળાકુવામાં એક યુવાન પર રીક્ષા ડ્રાઈવરનો હુમલો

### માથે સ્ટીલનું ટેબલ ફટકારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર પાસે સ્થિત ધોળાકુવા ગામમાં આજે બપોરના અરસામાં એક યુવાન તેના મિત્ર સાથે બેસીને વાતો કરતો હતો ત્યારે ત્યાંથી પસાર થયેલા રીક્ષા ડ્રાઈવરે કોઈ નજીવી બાબતે બોલાચાલી બાદ સ્ટીલનું ટેબલ માથે ફટકારી દીધુ હતુ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે યુવાનની ફરીયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ધોળાકુવા ગામમાં રહેતાં પંકજભાઈ છનાભાઈ મેઘવાલ આજે બપોરે ગામમાં તેના મિત્ર જીતુ મારવાડી સાથે બેઠો હતો તે દરમ્યાન ગામનો રીક્ષાચાલક સુરેશ તેની રીક્ષા નં. જીજે-૧૮.એ.ટી. ૬૦૮૧ લઈને ત્યાંથી નિકળ્યો હતો. તે દરમ્યાન કોઈ બાબતે માથાકુટ થતાં સુરેશે સ્ટીલનું ટેબલ ઉપાડીને માથે મારી દીધુ હતુ. ત્યારબાદ બિભત્સ ગાળો બોલીને તેને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. ઘાયલ પંકજભાઈએ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ સુરેશ સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.



ઓલ ગુજરાત લેબરલોઝ પ્રેક્ટીશનર્સ એસોસિએશન દ્વારા લેબર જ્યુડીસીયરીની કેડર અલગ કરવાના મામલે કાયદામંત્રીને આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરવામાં આવી હતી.

## સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવના પ્રમુખપદે નિશીત વ્યાસ

સેકટર-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગરની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં ચાલુ વર્ષ માટે સમિતિના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. પ્રમુખ પદે નિશિત વ્યાસ, ઉપપ્રમુખપદે પંઢરીનાથ જગતાપ, અરુણભાઈ બુચ, પરેશ પટેલ, ધૈર્યસિંહ મોહિતે, લતાબેન ચોકસી, હિરેન શાસ્ત્રી, મહામંત્રી પદે ભાસ્કરરાવ બાલપાંડે, ચેતના બુચ, માનદમંત્રી પદે વિષ્ણુરાવ બાલપાંડે, સંજય ભોંસલે, રક્ષિતાબેન ઉપાધ્યાય, ખજાનચીપદે કલ્પેશ બાલપાંડે અને આંતરિક ઓડીટર તરીકે હસમુખ ઠાકરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



## પિતૃત્વ ધારણ કરી રહેલા પુરૂષ કર્મચારીને પણ દિન-૪૫ની રજા આપવા માંગ

### મહિલા કર્મચારીને પ્રસુતિની રજામાં દિન-૧૮૦ સુધીનો કરાયેલો વધારો આવકારદાયક : પુરૂષ કર્મચારીને પત્નિની પ્રસુતિ સમયે આપવામાં આવતી રજા દિન-૧૫ના બદલે દિન-૪૫ કરવી જોઈએ : વિરાભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા મહિલા સશક્તિકરણ અભિયાનના ભાગરૂપે રાજ્યની મહિલા કર્મચારીઓને પ્રસુતિ માટે આપવામાં આવતી રજાઓમાં ૯૦ દિવસમાંથી વધારીને ૧૮૦ દિવસની કરવામાં આવી છે. આ બાબતે અભિનંદન પાઠવતા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નિવૃત્ત મદદનીશ નિયામક વિરાભાઈ પટેલે પિતા બની રહેલા પુરૂષ કર્મચારીઓની રજામાં પણ દિન-૧૫માં વધારો કરી દિન-૪૫ની રજા આપવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખી અનુરોધ કર્યો છે.

કોઈપણ નવજાત શિશુને જો માતાનું ધાવણ છ માસ સુધી મળે તો તેનો શારિરિક વિકાસ યોગ્ય રીતે થઈ શકે છે. આ હકીકતને ધ્યાનમાં રાખતા મહિલા કર્મચારી માટે પ્રસુતિ રજા દિન-૧૮૦ની કરવામાં આવી છે તે આવકારદાયક બાબત છે. હાલની સામાજિક પરિસ્થિતિ અને રૂઢિગત જીવનશૈલી પ્રમાણે આ સમય દરમ્યાન પુરૂષ કર્મચારીની પત્નીની પ્રસુતિ હોય તો પ્રસુતા અને ઘરનું કામ સંભાળવાની સાથે નોકરીમાં સુમેળ સાધવો મુશ્કેલ બની જાય છે. આ સંજોગોમાં મહેમાનોનું આવનજાવન પણ વધી જતુ હોવાથી પિતા માટે સમય આપવો જરૂરી બની જાય છે. જો પિતૃત્વ ધારણ કરનાર પુરૂષ કર્મચારીને પણ આપવામાં આવતી દિન-૧૫ની રજાઓમાં દિન-૪૫ની રજા આપવામાં આવે અને જે પુરૂષ કર્મચારીની દિકરીની પ્રસુતિ હોય તેમને પિતા તરીકે દિકરીની પ્રથમ પ્રસુતિ પિયરમાં કરાવવાની ફરજ નિભાવવાની હોઈ દિન-૧૦ની ખાસ રજા આપવામાં આવે તેવી વિરાભાઈ પટેલે મુખ્યમંત્રી સમક્ષ વિનંતી વ્યક્ત કરી છે.

### ગનગોર સવારીનો મનોરથ

સે-૨૧ શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં આજે ગુરુવારે પવિત્ર અધિક માસ નિમિત્તે ગનગોર સવારીનો મનોરથ યોજાશે.

## સુઘડ કેનાલમાંથી અમરાઈવાડીના યુવાનનો મૃતદેહ મળ્યો

### મૃતક યુવાનની ઓળખ તેની પાસે મળેલા મોબાઈલને આધારે થઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાં આશરે ૨૫ વર્ષીય યુવાનનો બિનવારસી હાલતમાં મૃતદેહ તરતો જોઈ ગામના સરપંચે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તેની ઓળખ માટે તથા વાલીવારસની શોધખોળ માટે તજવીજ કરતાં અમરાઈવાડીના યુવાનનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે.

સુઘડ કેનાલમાં સિક્યુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં હતા ત્યારે કેનાલના પાણીમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા આશરે ૨૫ વર્ષના યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. સિક્યુરીટી ગાર્ડે ગામના સરપંચને જાણ કરતા સરપંચ પ્રહલાદજી ચાવડાએ અડાલજ પોલીસને બિનવારસી મૃતદેહ અંગે જાણ કરી બોલાવી લીધી હતી. જમાદાર અમૃતભાઈ તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતકે કાળુ પેન્ટ અને ટી શર્ટ પહેરેલી છે. જો કે તેના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ મળી આવ્યો હતો.

પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી તપાસ આરંભી ત્યારે બે દિવસથી અમરાઈવાડીથી લાપતા થયેલ અને બેકારીનો ભોગ બનેલા ૨૫ વર્ષીય મનોજ વજુભાઈ મિસ્ત્રીનો મૃતદેહ હોવાનું ખુલ્યું છે.

## ૨૨ વર્ષની યુવતી પર રેપ કરીને ગર્ભવતી બનાવી દીધી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના એક ગામની ૨૨ વર્ષની યુવતીને લગ્નની લાલચ આપી ફાર્મ હાઉસ અને ખેતરમાં વર્ષ ૨૦૧૨થી અત્યાર સુધી અવારનવાર લઈ જઈને મરજી વિરૂધ્ધ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધીને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલિસ મથકમાં યુવતીએ નોંધાવી છે. જગા અમરા ભરવાડ, કરશન અમરા ભરવાડ અને સંજય અમરા ભરવાડ સામે યુવતીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગુનો નોંધી કાર્યવાહી શરુ કરવામાં આવી છે. ફરિયાદ પ્રમાણે આરોપીએ યુવતી પર બળાત્કાર ગુજારીને તેણીને ગર્ભવતી બનાવી દીધા બાદ તેણીનો ૮ માસનો ગર્ભ રહ્યો ત્યારે ગર્ભપાત કરાવડાવી યુવતીને તથા તેણીના માતા પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

## આવતીકાલથી કચ્છના નખત્રાણા ખાતે અખિલ ભારતીય કિસાન સંઘની રાષ્ટ્રીય પ્રબંધ સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૮

અખિલ ભારતીય કિસાન સંઘની રાષ્ટ્રીય પ્રબંધ સમિતિની બેઠક આગામી તા. ૧૦મીથી તા. ૧૨મી જુલાઈ દરમ્યાન કચ્છના નખત્રાણામાં નિષ્કલંકી ધામ ખાતે યોજાનાર છે. આ બેઠકમાં દેશભરના તમામ રાજ્યોમાંથી કિસાનસંઘના પ્રમુખ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે અને બહુચર્ચિત ભૂમિ અધિગ્રહણ કાનૂન, પાકવીમા યોજના, અતિવૃષ્ટિ અને કમોસમી વર્ષા, જીએમ બિયારણ અને મૂલ્ય આધારિત ટેકાના ભાવો સહિતના પ્રશ્નો અંગે ગહન ચર્ચા સત્રો યોજાશે.

દર ત્રણ માસે અખિલ ભારતીય કિસાન સંઘની રાષ્ટ્રીય પ્રબંધ સમિતિની બેઠક યોજાય છે. આ વખતે આ બેઠકનું યજમાન ગુજરાત બન્યું છે ત્યારે કિસાન સંઘના પદાધિકારીઓને કચ્છની ઐતિહાસિક ધરોહર સમાન સફેદ રણ, ધોરડો, પાક. બોર્ડર વગેરે સ્થળોના વિહારની તક પણ સાંપડશે. આ સાથે દેશભરમાં કિસાન સંઘનું સદસ્યતા અભિયાન પૂર્ણતાને આરે છે તેની વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા આ બેઠકમાં કરાશે. જેના આધારે રાજ્યોની પ્રતિનિધિ સભા અને ત્યારબાદ રાષ્ટ્રીય અધિવેશનની રૂપરેખા અંગે આખરી નિર્ણયો લેવાવાની શક્યતાઓ છે. આ બેઠક માટેની સંપૂર્ણ વ્યવસ્થા, સ્વાગત અને કાર્યક્રમને સફળ બનાવવા કચ્છ કિસાન સંઘ દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

## લેઉવા પટેલ સંતાનો માટે સાત દિવસનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૮

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાતમાં વસતા લેઉવા પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી સમારોહ તા. ૧૨મી જુલાઈથી ૧૯મી જુલાઈ સુધી દરરોજ સવારે નવથી રાત્રે સાત સુધી અમદાવાદમાં વિના મૂલ્યે લાભ લઈ શકશે.

જ્ઞાતિમાં ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવક યુવતીઓ વિશાળ શ્રેણીમાં ભણેલ સંસ્કારી-સામાજિક મોભાવાળા પાત્રો એક જ સ્થળે રૂબરૂ મુલાકાતને યોગ્ય પસંદગીની તક મળે તે હેતુથી યોજેલ છે. આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે જોધપુર ચાર રસ્તા અમદાવાદ ખાતે સંપર્ક સાધવો. વધુ મહિતી માટે પ્રમુખશ્રીનો મો.નં. ૯૯૨૪૦ ૨૩૩૪૪૫ પર સંપર્ક કરવો.

## ટ્રેઈનીંગ પ્રોગ્રામ ફોર કોમ્પીટેટીવ એકઝામ્સ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૨૩ ખાતે ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં રજતજયંતિ વર્ષ ઉજવણીના ભાગરૂપે તા. ૬ જુલાઈ સોમવારના રોજ સી.પી.ઈ. ગ્રાન્ટ અંતર્ગત સમિતિના સભ્યો દ્વારા કોલેજની પ્રથમ વર્ષ બી.એ., બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ માટે 'ટ્રેઈનીંગ પ્રોગ્રામ ફોર કોમ્પિટેટીવ એકઝામ'નું આયોજન કોલેજના સંસ્કાર હોલમાં કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના જનરલ એડમિનિસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી મનિષભાઈ શાહે સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે વિદ્યાર્થીનીઓને તાલીમ અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાયલબેન પંડ્યા, મીતાબેન શાહ, હરિતભાઈ પટેલ, અરૂણભાઈ ગાવીત, રીટાબેન ગાંધી, ફાલ્ગુનીબેન પટેલ, રૂપા ચાવડા, ભરતભાઈ કાલરીયા, ભરતભાઈ પટેલ, ચંદ્રિકાબેન પટેલ તમામ પ્રાધ્યાપકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડેમોક્રેટીક એસોસિએશનની સભા મળી

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની પંદરમી સાધારણ સભા ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને સેક્ટર-૩ રામજી મંદિરમાં મળી હતી. બેઠકમાં સંસ્થાના સ્વર્ગસ્થ સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અનુસૂચિત જાતિના લોકોને સરકારની યોજનાઓનો લાભ અપાવવાની ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સંસ્થાની કારોબારીની નિમણુંક કરવામાં આવી હતી.

## રોટરી કલબનો શપથગ્રહણ સમારોહ

રોટરી કલબ ઓફ ગાંધીનગરનો શપથ ગ્રહણ સમારોહ કુડાસણ સ્થિત સ્કુલ ઓફ એચિવર ખાતે મુખ્ય મહેમાન પુરુષોત્તમ રૂપાલા રાષ્ટ્રીય ઉપપ્રમુખ ભાજપની ઉપસ્થિતિમાં યોજાશે. જેમાં રોટેરિયન આશિષ દેસાઈ, ઈન્ડકશન ઓફિસર હર્ષદ જાની ઉપસ્થિત રહેશે. શપથ ગ્રહણ સમારોહ આગામી ૧૧ જુલાઈ શનિવારના રોજ સાંજે ૬-૦૦ વાગે કુડાસણ ગાંધીનગર ખાતે યોજાશે.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સ્થિત હિંમતલાલ અંબાલાલ ગજ્જર (મિસ્ત્રી)ના સુપુત્ર હસમુખભાઈ હિંમતલાલ ગજ્જર (મિસ્ત્રી) ઉં.વ. ૪૫નું અવસાન ૩, જુલાઈના રોજ થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૯ જુલાઈ ગુરૂવાર સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સેક્ટર-૧૨ સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે રાખેલ છે.



**૨૫ હજારનું યોગદાન આપ્યું**

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા પરમેનન્ટ પ્રોજેકટ હેઠળ રૂ. ૨૫ હજારનું દાન કુહા સ્થિત શાંતાબેન ભુલાભાઈ શિશુ વિહારાના ભુલકાઓને આપવામાં આવ્યું હતું. ત્યારે કલબના ચેરપર્સન, બોર્ડ ઓફ મેમ્બર તેમજ પૂર્વ પ્રેસિડેન્ટ, સેકેટરી ઉપસ્થિત રહ્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૧

સૂર્યાસ્ત : ૭.૩૧

### તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૫ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**

ગુડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**

ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫

સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫

જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● પપાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ગુડુ રંગીલા : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.